# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૯-૦૧-૨૦૨૨

રાજ્યના પૂર્વ ગૃહમંત્રી વજુભાઈ જાનીનું ૯૨ વર્ષની ઉંમરે નિધન અંગે શોકાંજલી પાઠવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે, સ્વ. વજુભાઈ જાની કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન હતા અને મહુવા વિધાનસભા ક્ષેત્રમાં ચૂંટણી જીતીને કોંગ્રેસની સરકારમાં ગૃહમંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી. સરળ સ્વભાવના અને સામાન્ય માણસની ચિંતા કરનાર જાહેર જીવનના જુની પેઢીના સ્વ. વજુભાઈ જાનીના નિધનથી કોંગ્રેસ પક્ષે અને ખાસ કરીને સૌરાષ્ટ્રે મોટા ગજાના સમાજસેવક ગુમાવ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, શ્રી અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતાશ્રી પરેશ ધાનાણી, એ.આઈ.સી.સી.ના પ્રવક્તા અને સાંસદશ્રી શક્તિસિંહજી ગોહિલ સહિતના કોંગ્રેસ પક્ષના આગેવાનોએ રાજ્યના પૂર્વ ગૃહમંત્રી વજુભાઈ જાનીનું ૯૨ વર્ષની ઉંમરે નિધન અંગે શોકાંજલી પાઠવી છે અને તેમના પરિવારજનોને સાંત્વના પાઠવી છે.

( ડૉ. મનિષ એમ. દોશી )
મુખ્ય પ્રવક્તા